HARIRAJ CHARITABLE TRUST

NEWS AND UPDATES

Volume 2, Issue 6

September 2025

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત




## રીલ વડોદરા

રીલ માર્કના કાર્યક્રમ હેઠળ કાર્યક્રમના ગામોમાં જન જાગૃતિ અભિયાનનો બીજો તબક્કો, તલાવપુરા અને લીમપુરા ગામોમાં પશુ આરોગ્ય શિબિરો, સ્થાનિક ખેડૂતોને આવશ્યક પશુચિકિત્સા સહાય પૂરી પાડવી, ખેતરના કામ દરમિયાન સામાન્ય રીતે થતી નાની ઈજાઓ માટે ખેડૂતોની જરૂરિયાતોના આધારે ૧૦૦ પ્રાથમિક સારવાર કીટનું વિતરણ જેવી પ્રવૃતિઓ કરવામાં આવી હતી. સંકલિત જીવાત વ્યવસ્થાપનના ભાગ રૂપે, ખેડૂતોએ કુદરતી રીતે જીવાતોની વસ્તીને નિયંત્રિત કરવા માટે તેમના ખેતરોમાં યલો સ્ટીકી ટ્રેપ, ફેરોમોન ટ્રેપ અને પક્ષી છાજલીઓ ગોઠવી હતી. કાર્યવિસ્તારમાં ટીમે ખેડૂત તાલીમ ૩ અને ૪ પણ પૂર્ણ કરી, જેમાં સંકલિત પોષક વ્યવસ્થાપન (INM) અને IPM પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું, જેનાથી ખેડૂતોનું જ્ઞાન અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ માટે ક્ષમતામાં વધારો થયો.




**Share your review**



www.hariraj.org info@hariraj.org

## રીલ રીજન કોટડા - ગોંડલ તાલુકો

**રીલ ફાર્મર પૂલ કાર્યક્રમમાં પણ પશુઓ માટે ખેડૂતોને કૃમિનાશક દવા વિતરણ, મજૂરોને પ્રાથમિક સારવાર બોક્સ વિતરણ, બાયોઇનપુટ સેન્ટર બેનર વિતરણ, ખેડૂતોને તાલીમ - ૫, થર્ડ પાર્ટી ઓડિટ, માસ કેમ્પેઈન, પાણી બજેટ તાલીમ વગેરે પ્રવૃત્તિઓ પૂર્ણ કરવામાં આવી.**



HARIRAJ CHARITABLE TRUST
NEWS AND UPDATES
Volume 2, Issue 6
September 2025

# સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ

**મેન્ટરના માર્ગદર્શન હેઠળ 'સેન્ટર ફોર લર્નિંગ આસિસ્ટન્સ' ખાતે બાળકોએ શિક્ષક દિવસ અને નવરાત્રી ઉત્સવની ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.**










**વિદ્યાર્થીઓમાં આનંદ અને સર્જનાત્મકતા લાવવા તેમજ તેમની પ્રતિભા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવા બાલસભાનું આયોજન કર્યું હતું.**








Volume 2, Issue 6
September 2025

## જેન્ડર શિક્ષણ

સાળવા અને રબારિકા ગામોમાં જેન્ડર શિક્ષણ કાર્યક્રમ હેઠળ ફાઉન્ડેશન કોર્સના ૭ મોડ્યુલ અને ધુંધવાણા ગામમાં ૫ મોડ્યુલ સફળતાપૂર્વક પૂર્ણ થયા. આ સત્રો કિશોરાવસ્થા દરમિયાન થતા ફેરફારો અને જેન્ડરને સમજવું, વિદ્યાર્થીઓમાં જાગૃતિ અને સ્વસ્થ ચર્ચાઓ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરતા સત્રો હતા.










**HARIRAJ** CHARITABLE TRUST

*NEWS AND UPDATES*

Volume 2, Issue 6

September 2025

આ મહિનાનું એક મુખ્ય આકર્ષણ એ સંસ્થાની વાર્ષિક સભા હતી, જ્યાં બધા કાર્યકર મિત્રો સંસ્થાની યાત્રાના વર્ષ ૨૪-૨૫ની ઉજવણી કરવા માટે ભેગા થયા હતા. જે સંસ્થાની સિદ્ધિઓ, વિકાસ અને વર્ષોથી જે કામ કર્યું છે તેના પર ચિંતન કરવાની ગર્વની એક ક્ષણ હતી.



## લેખન સત્ર

સપ્ટેમ્બર મહિના દરમિયાન, કુલ ત્રણ લેખન સત્રો યોજવામાં આવ્યા હતા.

૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ચાલુ કાર્યક્રમોના માસિક પ્રગતિ અહેવાલોની સમીક્ષા કરવામાં આવી હતી અને વ્યવસાય આયોજન, માર્કેટિંગ વ્યૂહરચનાઓ, નિર્ણય લેવાની કુશળતાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉદ્યોગસાહસિકો માટે ક્ષમતા નિર્માણ તાલીમ પર વિગતવાર અહેવાલની ચર્ચા કરવામાં આવી હતી.



૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ IADEL પ્રોજેક્ટના ખેડૂતોની ત્રણ સફળવાર્તાઓની ચર્ચા કરવામાં આવી હતી, જેમાં કરેલ પહેલની અસર દર્શાવવામાં આવી હતી. સંસ્થા માટે ભંડોળ ઊભું કરવા થયેલ મીટિંગના રિપોર્ટની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં ભવિષ્યના ભંડોળની તકો સંબંધિત વ્યૂહરચનાઓ અને પરિણામો પર ચર્ચાનો સમાવેશ થાય છે.




30 સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સંસ્થાના સમર્પિત કાર્યકર્તાઓમાના એક એવા કોમલબેનના અનુકરણીય કાર્યની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ગત વર્ષ ૨૪-૨૫માં તેમના મુખ્ય યોગદાન અને સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેમાં ગામડાઓમાં હાથ ધરવામાં આવેલા વિવિધ કાર્યક્રમ, જન જાગૃતિ અભિયાન પર એક અહેવાલની સમીક્ષા કરવામાં આવી હતી અને તેમની પહોંચ અને સમુદાય પર તેની અસર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.



## વાંચન સત્ર

**આ મહિનામાં કુલ ચાર વાંચન સત્રો તા. ૫ સપ્ટેમ્બર, તા. ૧૨ સપ્ટેમ્બર, તા. ૧૯ સપ્ટેમ્બર અને તા. ૨૬ સપ્ટેમ્બર ના રોજ યોજાયા. જેમાં મુખ્યત્વે 'સેવન હેબિટ' આધારિત ગુજરાતી પુસ્તક "મહાન હૃદયોના સારેગમપધનિ" આધારિત ચર્ચાઓ કરવામાં આવી.**






**તા. ૧૯/૦૯/૨૦૨૫ના રોજ પટેલવાડી, ટીંબી ખાતે જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપનીની ૧૦મી વાર્ષિક સાધારણ સભા ઉત્સાહભેર યોજાઈ, જેમાં ચેરમેન, ડિરેક્ટરો, સભાસદો તથા સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.**




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2024 TOP-RATED NONPROFIT

Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review



www.hariraj.org info@hariraj.org